PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૨/૧૮–૧૯/ 8530-4 તા.

રજી. એ.ડી. પત્ર

07 SEP 2018

07 SEP 2018

પ્રતિ,
ભોગાયાતા અરવિંદ ઈશ્વરભાઈ,
ગામ: રામદુત નગર
રે.જોગવડ, તા.લાલપુર
જી.જામનગર
મો: ૯૮૨૪૩ ૨૮૩૦૨

વિષય :–વીજ વપરાશનું બીલ વધારે આવેલ હોય તે અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૨/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સીકકા પેટા વિભાગીય કચેરી, જામનગર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૨૨/ક્વા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૮–૧૮ | સ્થળ : જામનગર |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ભોગાયાતા અરવિંદ ઈશ્વરભાઈ, ગામ: રામદુત નગર**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના તેમના માતુશ્રી ભોગાયાતા કુસુમબેન ઈશ્વરભાઈહાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : સીકકા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર)**

**રજુઆત કરનાર : – એમ.આર.વૈશ્નવ કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર**

**: હુકમ :**

**ફરીયાદ : વીજ વપરાશનું બીલ વધારે આવેલ હોય તે અંગે**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, અરજદાર ના ગ્રાહક નં.–૮૧૨૩૬/૦૦૫૭૭/૪ નુ વધુમા વધુ બીલ રૂ.૧૫,૦૦૦/– આવે છે, તેના થી વધુ કયારેય આવેલ ન હોય – તેમજ છતા તેઓને તા.૧૬–૦૧, તા.૨૬–૦૬ ના રોજ ખુબજ મોટા બીલ આવેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, **ભોગાયતા અરવિંદ ઇશ્વરભાઇ દ્વારા કરેલ ફરિયાદ અરજીના અનુસંધાને નામદાર ફોરમની સુચના મુજબ - વિગત નીચે મુજબ છે.**<br>**અરજદારને એક થી ફેઝ વીજ જોડાણ રામદુતનગર, મું. જોગવડ તા. લાલપુર ખાતે ગ્રાહક નં. ૮૨૧૩૬/૦૦૫૭૭/૪થી આવેલ છે. સદર વીજજોડાણ તા. ૧૪.૦૭.૨૦૧૪ના રોજ લગાડવામાં આવેલ છે. જેમાં ૦.૫૦૦ વોટના લોડ થી જોડાણ લેવામાં આવેલ હતું. જેમાં તા. ૨૬.૧૧.૧૫થી ૬ કિ.વો. લોડ વધારો કરી કુલ લોડ ૬.૫ કિ.વો. કરવામાં આવેલ હતો. અને કનેકશન સીગલ ફેઝમાંથી થી ફેઝ કરવામાં આવેલ હતું. ગ્રાહકના ૧૪૫ પીઆરટી લેજર કોપીના અભ્યાસ કરતા જણાય છે કે આ વિજ જોડાણ તા. ૧૪.૦૭.૨૦૧૪ના રોજ લગાડવામાં આવેલ છે. જેમાં માર્ચ-એપ્રિલ-૧૬માં બાય મન્થલી વપરાશ ૬૨૩૮ યુનીટ દર્શાવે છે તો ફરિયાદ વાળા સમય ગાળામાં જાન્યુઆરી-૧૮માં મન્થલી વપરાશ ૧૬૩૦ યુનીટ અને જુન-૧૮માં મન્થલી વપરાશ ૨૯૫૩ યુનીટ દર્શાવે છે. એટલે કે ગ્રાહક દ્વારા વીજ વપરાશ કરવામાં આવે છે તે પ્રમાણે જ તેઓને બિલ આપવામાં આવે છે.**<br>**તા. ૦૬.૦૮.૧૮ના રોજ સિકકા પેટા વિભાગના જુનીયર ઇજનેર તથા સિનીયર આસિસ્ટન્ટ દ્વારા સ્થળ પર રૂબરૂ ગયેલ હતા ત્યારે તેઓને જાણવા મળેલ કે ગ્રાહક દ્વારા આ વીજ મીટરમાંથી કુલ ૪૦ (ચાલીસ) ઓરડીમાં વીજ વપરાશ કરવામાં આવે છે.ઉપરાંત તેઓએ સ્થળ પર ચેકીંગ શીટ નં. ૬૬૧ તા. ૦૬.૦૮.૧૮ થી ચેકીંગ કરેલ જે મુજબ કરારીત વીજભાર ૬.૫ કિ.વો. સામે કનેકટેડ લોડ ૧૩ કિ.વો. માલુમ પડેલ છે. આમ ગ્રાહકને તેમના વપરાશ પ્રમાણે બિલ આપવામાં આવેલ છે. અરજદાર જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારમાં ફેકટરી વિસ્તાર વધુ હોઇ ફેકટરીમાં કામ કરતો મોટા ભાગનો મજુર વર્ગ અરજદાર જેવા ઓરડી** |

| | |
|---|---|
| | ધારકો ને ત્યાં લાઇટ બિલ સાથે ઓરડીનું ભાડુ ચુકવી ભાડેથી રહેતા હોય છે. આવા સંજોગોમાં જયારે ભાડુઆતની સંખ્યામાં કે વીજ વપરાશમાં વધઘટ થાય ત્યારે વીજ બિલમાં પણ એ પ્રમાણ વધઘટ થાય એ સ્વાભાવિક છે. આમ, આ કેસમાં અરજદારને જે વિજ બિલ ઇસ્યુ કરવામાં આવેલ છે તે તેના વિજ વપરાશ પ્રમાણે આપવામાં આવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર એક થી ફેઝ વીજ જોડાણ રામદુતનગર, મું. જોગવડ તા. લાલપુર ખાતે ગ્રાહક નં. ૮૨૧૩૬/૦૦૫૭૭/૪થી આવેલ છે. સદર વીજજોડાણ તા. ૧૪.૦૭.૨૦૧૪ના રોજ લગાડવામાં આવેલ છે. જેમાં ૦.૫૦૦ વોટના લોડ થી જોડાણ લેવામાં આવેલ હતું. જેમાં તા. ૨૬.૧૧.૧૫થી ૬ કિ.વો. લોડ વધારો કરી કુલ લોડ ૬.૫ કિ.વો. કરવામાં આવેલ હતો. અને કનેકશન સીંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કરવામાં આવેલ હતું.<br><br>અરજદાર ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે જણાવેલ કે – અરજદાર જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારમાં ફેકટરી વિસ્તાર વધુ હોઇ ફેકટરીમાં કામ કરતો મોટા ભાગનો મજુર વર્ગ અરજદાર જેવા ઓરડી ધારકો ને ત્યાં લાઇટ બિલ સાથે ઓરડીનું ભાડુ ચુકવી ભાડેથી રહેતા હોય છે. આવા સંજોગોમાં જયારે ભાડુઆતની સંખ્યામાં કે વીજ વપરાશમાં વધઘટ થાય ત્યારે વીજ બિલમાં પણ એ પ્રમાણ વધઘટ થાય એ સ્વાભાવિક છે.આમ, આ કેસમાં અરજદારને જે વિજ બિલ ઇસ્યુ કરવામાં આવેલ છે તે તેના વિજ વપરાશ પ્રમાણે આપવામાં આવેલ છે. |
| ૩.૨ | સદર કેઈસ મા ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર મીટર ની યોગ્ય ચકાસણી કરવામા આવેલ છે કે કેમ – તે બાબતે ની કોઈ યોગ્ય રજુઆત કરાયેલ નથી. જેથી, સદર બાબતે અરજદાર ને આગવી લેખીત જાણકારી આપીને – સદર મીટર યોગ્ય છે કે નહી તે દિન–૧૫ માં ચેક કરવુ. અને તે મુજબની આગળ ની નિયમાધીન કાર્યવાહી કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.